**ચાલુ નોકરી દરમ્યાન લાપત્તા થયેલ વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવા બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાકઃ રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-પાર્ટ-૧-ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૨૫ /૦૬/૨૦૧૯

<u>વંચાણે લીધા</u> :-

(૧) સા. વ. વિભાગનો તા. ૧૦-૩-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક : ભરત-૨૧૯૭-ક
(૨) સા. વ. વિભાગનો તા. ૫-૭-૨૦૧૧નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક
(૩) સા. વ. વિભાગનો તા. ૧૩-૧૦-૨૦૧૫નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક
(૪) સા. વ. વિભાગનો તા. ૭-૪-૨૦૧૬નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક
(૫) સા. વ. વિભાગનો તા. ૨૦-૭-૨૦૧૭નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૧૭-યુઓ-૧૦૬(૧૮૦૯૯૫)-ક
(૬) સા. વ. વિભાગનો તા. ૨૧-૮-૨૦૧૭નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક

<u>આમુખ</u>

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઉપર સંદર્ભ (૧) પરના તા.૧૦-૩-૨૦૦૦ના ઠરાવથી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓનાં આશ્રિત કુટુંબને રહેમરાહે નોકરી આપવાની સુધારેલ યોજના અમલી હતી. જે યોજના રદ કરીને સંદર્ભ (૨) પરના તા.૫-૭-૨૦૧૧ના ઠરાવથી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની યોજના દાખલ કરવામાં આવેલ.

સંદર્ભ (૧) પરનાં તા. ૧૦-૩-૨૦૦૦ના ઠરાવમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના લાપત્તા થયેલ કર્મચારીના કિસ્સામાં તેમના આશ્રિતને રહેમરાહે નોકરી આપવાની જોગવાઈ હતી. પરંતુ સામાન્ય વહીવટ વિભાગના તાઃ ૦૫-૦૭-૧૧ ના ઠરાવથી અમલમાં આવેલ ઉચ્ચક નાણાકીય સહાયની યોજનામાં વર્ગ-૩ અને વર્ગ-૪ના લાપતા થયેલ કર્મચારીઓના આશ્રિત કુટુંબના સભ્યને ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવા અંગે જોગવાઈ થયેલ ન હતી. આ જોગવાઈ તાઃ ૦૫-૦૭-૧૧

ના ઠરાવમાં લાગુ પાડવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. આ સંદર્ભમાં પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:-**

નીચેની શરતો પરિપૂર્ણ થતી હોય તેવા કિસ્સામાં ચાલુ નોકરી દરમ્યાન લાપત્તા થયેલ વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીના આશ્રિત કુટુંબના એક સભ્યને સામાન્ય વહીવટ વિભાગના તા: ૦૫-૦૭-૧૧ ના ઠરાવ મુજબ ઉચ્ચક નાણાકીય સહાય યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

(૧) જે તારીખથી કર્મચારી લાપતા થયેલ હોય તે તારીખથી ઓછામાં ઓછા ૭ વર્ષ પસાર થયા પછી જ આ યોજનાનો લાભ આપવા માટે વિચારણા કરી શકાશે. આ માટે-

(એ) કર્મચારી લાપતા થયાની પોલીસમાં એફ.આઇ.આર. નોંધાયેલી હોવી જોઇએ.

(બી) લાપતા કર્મચારી શોધી શકાતા ન હોવા જોઇએ.

(સી) સક્ષમ સત્તાને સાચો કેસ હોવાનું લાગવું જોઇએ.

(ડી) જે તારીખથી કર્મચારી લાપતા થયેલ હોય તે તારીખથી ૭ વર્ષ સમાપ્ત થયા બાદ નિયત કરવામાં આવેલ સમયમર્યાદામાં અરજી કરેલ હોવી જોઇએ.

(ઈ) નામદાર અદાલતે લાપત્તા કર્મચારીનું દીવાની મૃત્યુ થયેલ હોવાનું વિજ્ઞાપન કરી આપેલ હોવું જોઈએ.

(એફ) આ પ્રકારના લાપતા થયેલ કર્મચારીના કેસોમાં ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની વિનંતી પર સંબંધિત વિભાગના અધિક મુખ્ય સચિવ / અગ્ર સચિવ / સચિવ કક્ષાએ જ નિર્ણય લઇ શકાશે.

(૨) નીચે મુજબના કિસ્સામાં આ લાભ મળવાપાત્ર **થશે નહીં**

(એ) જેના પર છેતરપિંડી કર્યાની કે કોઇ ત્રાસવાદી સંસ્થા / તંત્રમાં જોડાયાની કે વિદેશ ગયાની શંકા હોય.

(બી) ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની વિનંતી વિચારણામાં લેતી વખતે પોલીસ તપાસના પરિણામો પણ ધ્યાનમાં લેવાનાં રહેશે.

(3) સામાન્ય વહીવટ વિભાગનાં તા. ૫-૭-૨૦૧૧ અને ત્યાર બાદ તે સંદર્ભે થયેલ તમામ જોગવાઈઓ /શરતો યથાવત રહેશે.

(૪) આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એ.એચ.મનસુરી)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનુ કાર્યાલય, સચિવાંલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીના અંગત સચિવશ્રી.
ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર .
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ /રાજકોટ .
પગાર અને હિસાબી અધિકારીશ્રી , ગાંધીનગર.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો. (સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના ધ્યાને લાવવાની સૂચના સહ).
સા.વ.વિભાગની સર્વે શાખાઓ / સર્વે અધિકારીશ્રીઓ.
વિશિષ્ટ ફાઇલ.
વિભાગના સિસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
પત્ર દ્વારા